**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૮૯ ટકા

# શહેરમાં જલારામ જયંતિની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૩
પ.પૂ. સંત શિરોમણી જલારામબાપાની ૨૨૦મી જન્મજયંતિ નિમિત્તે જલારામ મંદિર સે. ૨૯ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારે ધામધૂમથી શોભાયાત્રામાં

આરતી બાદ પદયાત્રામાં જનાર પદયાત્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.
પૂજ્ય જલારામબાપાની જન્મ જયંતિ નિમિત્તે જલારામ સેવા સમાજ ગાંધીનગર

બેન્ડવાજા સાથે જલારામ બાપાના ભજન ગાઈ ભાવિકોએ જલારામ બાપાને યાદ કર્યા હતા. ૧૫ થી વધુ




રથ હાંકવામાં સમાજના

સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત ગાંધીનગર પોલીસ પણ યાત્રા દરમિયાન મદદરૂપ રહી

પાલન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સભ્યો દ્વારા ચા-પાણી અને નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. શોભાયાત્રામાં ખાસ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, સ્ટેન્ડીંગ

ઉપરાંત દિવસ દરમ્યાન બાપાની અખંડ ધૂનનુ ગાન કરવામાં આવ્યુ હતુ. સાંજે ૬.૪૫ વાગ્યે ઝગમગ દીવડા સાથે મહાઆરતી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. આરતી બાદ





બાળાઓએ કળશ સાથે જલારામબાપાનુ સામૈયુ કર્યુ હતુ. બાપાના

સભ્યો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. શોભાયાત્રામાં ૧૫ થી વધુ ફોરવ્હીલર અને ૨૦ થી વધુ ટુ વ્હીલર સાથે ભાવિકો જોડાયા હતા.
શોભાયાત્રા દરમિયાન પાણીની વ્યવસ્થા

હતી. સમગ્ર યાત્રામાં ટ્રાફિકના નિયમોનું સંપૂર્ણ રીતે

સમાજના સભ્યો અને પરિવારજનો જોડાયા હતા. સમાજની બાળાઓએ સે. ૭ ભોજલરામ મંદિર સુધી બાપાનું સામૈયુ કર્યુ હતુ. શોભાયાત્રામાં જલારામબાપાના રથ સાથે ઊંટલારી, ૧૫ થી વધુ ફોરવ્હીલર અને ૨૦ જેટલા ટુ વ્હીલર સાથે ભક્તો જોડાયા હતા. દિવસ દરમ્યાન જલારામબાપાની અખંડ ધૂન બોલાવવામાં આવી હતી અને રાત્રે મહાઆરતી યોજાઈ હતી.

દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભવ્ય શોભાયાત્રા જલારામ મંદિર સે. ૨૯થી
જલારામબાપાના ગુરૂ એવા ભોજલરામબાપાના મંદિર સે. ૭ સુધી યોજાઈ હતી. જ્યાં ભવ્ય રથયાત્રઆનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં લગભગ ૩૫૦થી વધુ સમાજના સભ્યોએ ભાગ લીધો હતો. શોભાયાત્રામાં



કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, મહાનગર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ જલારામબાપાના દર્શન કરવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તે સર્વે દ્વારા બાપાની આરતી તથા રથયાત્રા દરમ્યાન કેક કટીંગ કરવામાં આવી હતી.
પૂજ્ય જલારામબાપાની જન્મ જયંતિ નિમિત્તે બાપા તથા વીરબાઈ માની સુંદર રંગોળી કરવામાં આવી હતી. આ

ગાંધીનગરથી વિરપુર જનાર પદયાત્રીઓનું સાકરનો પેંડો આપી લોહાણા યુવા સંગઠન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાપાને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. લગભગ સાત હજારથી વધુ ભાવિકોએ બાપાના મહાપ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમમાં સેવા સમાજ સાથે લોહાણા યુવા સંગઠન તથા લોહાણા મહિલા મંડળના સભ્યોનો સહયોગ રહ્યો હતો.

**મુવી હાઉસ**

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**હાઉસફુલ-૪**
૯.૩૦, ૧૨.૪૦, ૩.૫૦, ૪.૨૦, ૭.૦૦, ૧૦.૧૦
**ઉડજા ચમન**
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૦, ૧૦.૨૦
**સાંઢ કી આંખ**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૨૦
**મેડ ઈન ચાઈના** -૧.૧૦
**વોર-** ૭.૧૦

**જન્મદિને વધામણી**



**દિનેશસિંહ ચાવડા**
પૂર્વ પ્રમુખ
રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
મો. ૯૮૨૪૦ ૬૫૦૫૬



**પ્રતિભાબેન કનુભાઈ દવે**
સ્થાપક
સાંસ્કૃતિક મહિલા પરિવાર
મો. ૯૧૦૬૮ ૨૮૨૦૯



**અદીતિ દક્ષેન ત્રિવેદી**
ટેટુ માસ્ટર અને બ્યુટિશિયન

## આજે ગાંધીનગરમાં

● જયઅંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા ત્રિદશાબ્દી ભક્તિવંદના મહોત્સવ અંતર્ગત આજે બપોરે ૨.૩૦ વાગ્યે ઉમિયામાતાજી સંસ્થાન, સે. ૧૨ ખાતે જ્યોતિ રથનું સામૈયુ બપોરે ૩ વાગ્યે શોભાયાત્રાનું સે. ૧૨થી પ્રસ્થાન અને સાંજે ૫ વાગ્યે સે. ૧૩-બી શક્તિચોક ખાતે ગરબા સ્થાપન યોજાશે.

● વાંચતા અને વિચારતા યુવાનો (ઉંમરના બાધ) પિતા માટે આજે સાંજે ૬.૩૦ વાગ્યે ૨૪, અક્ષરતિલક બંગ્લોઝ સરગાસણ ખાતે સમાજને સ્પર્શતા મુદ્દાઓ, સાંપ્રત ઘટનાઓ તથા પુસ્તકો અંગે ચર્ચા યોજાશે.

# શ્રમિકોને ગરમ કપડાનું વિતરણ કરવા નગરજનો આર્થિક સહયોગ આપે

ગાંધીનગર, તા. ૩
શહેરમાં ઠંડીનો માહોલ વર્તાઈ રહ્યો છે ત્યારે મોટાભાગના શહેરીજન ગરમ કપડા પહેરવાનો આગ્રહ રાખી રહ્યા છે. પરંતુ શિયાળાની હાલ તથા આવનાર કળકળતી ઠંડીને પહોંચી વળવા અંતરિયાળ વિસ્તારમાં કામ કરતા શ્રમિકો, વિદ્યાર્થીઓ તથા જરૂરિયાતમંદોને ગરમ ધાબળા, સ્વેટર, દુપટ્ટા, ટોપી જેવા વસ્ત્રો પૂરા પાડી શહેરની ઘણી સંસ્થાઓ મદદ અર્થે કાર્ય કરતી હોય છે. આમ જ શહેરની જાણીતી સંસ્થા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને ગરમ કપડાનુ વિતરણ કરાશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે શહેર વસાહત મહામંડળે ૨,૫૫,૦૦૦ પગરખા, વિનામૂલ્યે વિતરણ કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્ઝમાં નામ નોંધાવ્યુ છે. જરૂરીયાતમંદોને મદદ કરવા માટેના આ કાર્ય માટે આર્થિક સહયોગ જરૂરી હોવાથી માનવતાના આ કાર્યમાં મદદ અર્થેનો આર્થિક સહયોગ તા. ૩૧ ડિસેમ્બર સુધી નીચે જણાવેલ સંપર્ક નંબર પર નોંધાવવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા જણાવાયુ છે.

● અરૂણભાઈ બુચ, પ્રમુખ, શહેર વસાહત મહામંડળ, ગાંધીનગર - સે. ૨૦, ફોન નં. ૨૩૨-૬૦૩૭૦, ૯૮૨૫૦૧૮૧૩૪
● કિલ્લોલ કિશોરભાઈ દવે, સે. ૧, ફોન નં. ૨૩૨-૨૪૩૩૯
● ભાનુભાઈ દવે - સે. ૨, ૮૧૪૦૭૬૨૨૬૮
● કશ્યપભાઈ મહેતા, સે. ૪-એ - ૨૩૨-૩૬૩૩૦
● શશિકાંત મોઢા - સે. ૪-એ - ૭૫૭૨૮૯૦૩૫૯
● કલ્પનાબેન એસ. મોઢા - સે. ૪-એ - ૯૪૨૯૬૧૮૭૩૪
● આર.એચ. ધામેચા - સે. ૪-સી - ૯૮૨૪૪૧૬૦૦૨
● નિલેન્દુ વોરા - સે. ૫-એ - ૯૪૨૭૮૦૧૪૦૩
● જયેશભાઈ ધ્રુવ - સે. ૫-એ - ૯૮૨૫૩૯૮૩૩૮
● મયુરભાઈ વ્યાસ - સે. ૭-ડી - ૨૩૨-૨૫૩૮૦
● ચંદ્રકાંત જોષી - સે. ૭-એ - ૨૩૨-૨૮૪૬૪
● બી.એ. શુકલ - સે. ૮ - ૨૩૨-૨૬૨૭૫
● સૂર્યકાંતભાઈ બારોટ - સે. ૮ - ૯૯૧૩૩૭૭૩૬૧
● મહેન્દ્રભાઈ ચૌહાણ - સે. ૧૪ - ૯૪૨૭૦૫૬૮૪૫
● ચંદુજી ઠાકોર - ફતેપુરા - ૯૯૭૯૫૦૭૫૭૬
● સી.જી. ધનેશ્વર - સે. ૨૨ - ૨૩૨-૨૫૩૫૭
● ડૉ.ચેતનાબેન બુચ - સે. ૨૦ - ૯૮૨૫૮૧૬૦૧૮
● સુધીરભાઈ દેસાઈ - સે. ૨૩ - ૨૩૨-૨૫૨૯૭
● કરશનભાઈ પરમાર - સે. ૨૩ - ૯૯૦૯૪૬૦૫૨૩
● સુનિલભાઈ શાહ - સે. ૨૬ - ૯૮૨૫૪૧૯૦૧૯
● જનકભાઈ રાવલ - સે. ૨૭ - ૯૪૨૭૩૩૬૩૭૪
● ડૉ. પી.ડી. પટેલ - સે. ૨૭ - ૯૮૨૪૦૪૭૬૭૧
● નિસર્ગ બુચ - સે. ૨૮ - ૭૮૭૪૪૦૭૩૫૬
● દિનેશસિંહ ચાવડા - સે. ૨૮ - ૨૩૨-૧૧૩૨૨
● ભાલચંદ્ર શુકલ - સે. ૩૦ - ૨૩૨-૬૦૫૪૩
● કિશોરભાઈ જીકાદરા - સે. ૩૦ - ૯૮૭૯૪૭૫૧૩૦
● ભરતભાઈ દિક્ષીત - બોરીજ - ૯૪૨૭૩૩૫૩૯૪
● પ્રદિપ સોલંકી - કુડાસણ - ૯૮૨૪૨૫૬૪૧૦
● સીતારામભાઈ પટેલ - કુડાસણ - ૯૩૭૪૬૦૬૩૭૬
● અશોકભાઈ રીંડાણી - કુડાસણ - ૯૮૨૫૬૦૯૦૫૬
● ઉદયભાઈ ત્રિવેદી - કોલવડા - ૯૯૨૪૫૧૫૬૪૯

# ભોમિયા વિના ભમતા યુવાને લુપ્ત થતા ઈતિહાસને ખંખોળી કાઢ્યો..!!


## પેઈન્ટિંગનો વ્યવસાય કરતા બારમું પાસ યુવાનની ઐતિહાસિક કથાઓના વાંચનથી જાગેલી ઉત્કંઠાએ યુવા સંશોધનકાર બનાવી દીધો : માત્ર બે વર્ષમાં ૨૦૦થી વધુ વાવ અને ૧૫૦થી વધુ પૌરાણિક શિવાલયો સહિત અનેક કિલ્લા જેવા લુપ્ત થતા સ્થાપત્યોની મુલાકાત લઈ તેનો ઈતિહાસ ઉજાગર કર્યો

દિવાળીના તહેવાર સાથે નૂતન વર્ષના પ્રારંભે વેપાર-ધંધામાં મળતી રજાઓનો ઉપયોગ છેલ્લાં કેટલાક વર્ષોથી ગુજરાતીઓ હરવા-ફરવામાં જ કરવા લાગ્યાં છે જેને કારણે આ તહેવારોનું અસલી મહત્વ જ ભુલાઈ ગયું હોવાની ફરિયાદો પણ સોશ્યલ મિડીયા પર મોટા પ્રમાણમાં ઉઠતી જોવા મળી રહી છે. અગાઉ રાજસ્થાન, મધ્યપ્રદેશ કે મહારાષ્ટ્રના ઐતિહાસિક અથવા ધાર્મિક સ્થળોની જ મુલાકાતે જતા ગુજરાતીઓ હવે માત્ર દેશના ખૂણેખૂણે નહી પરંતુ વિદેશોના મોંઘાદાટ પ્રવાસો પણ કરતા થઈ ગયા છે. ઐતિહાસિક સ્થાપત્યોની મુલાકાત સમયે ફોટો પડાવવા કરતાં પણ તેનો ઈતિહાસ જાણવાનો ઓછો રસ ધરાવતા સરેરાશ પ્રવાસીઓ જાણીતા સ્થળોએ ભીડ જમાવે છે, પરંતુ ગાંધીનગરના પેથાપુરના કેન્વાસ પેઈન્ટિંગ કે ગ્લાસ પેઈન્ટિંગ સહિતના પેઈન્ટિંગનું કામ કરતા માત્ર ધોરણ-૧૨ પાસ એક યુવાનને અચાનક વિલુપ્ત થયેલા ઐતિહાસિક સ્થાપત્યો અંગે જાણવામાં અને તેને શોધી કાઢવામાં એટલો રસ જાગ્યો છે કે તેણે છેલ્લાં ૨ વર્ષના ટુંકાગાળામાં જ ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ફરી ફરીને ૨૦૦ જેટલી વાવ, ૧૫૦થી વધુ પૌરાણિક શિવમંદિરો, અનેક ખંડેર થઈ ગયેલા કિલ્લા સહિત અઢળક ઐતિહાસિક સ્થાપત્યોની મુલાકાત લીધી છે જે પૈકીના મોટા ભાગના સ્થળો "લુપ્ત" થઈ જવા પામ્યાં હતા અથવા તે સ્થિતિમાં પહોંચી ચુક્યાં છે. આ સ્થળો અંગેના ઈતિહાસને શોધી સોશ્યલ મિડીયાના માધ્યમથી તેને ઉજાગર કરવાની જે મુહીમ છેડી છે જેની નોંધ અસંખ્ય નેટીઝન્સે




તો લીધી જ છે પરંતુ ગત વર્ષે પાટણ ખાતે યોજાયેલા ભારતીય ઈતિહાસ સંકલન સમિતિના સેમિનારમાં આ યુવાનને "યુવા સંશોધક" તરીકે સન્માનવામાં પણ આવ્યો છે.

ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોષીની "ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા"ની પંક્તિઓને સાચા અર્થમાં ચરિતાર્થ કરનારા પેથાપુરના ૩૩ વર્ષીય રાજપૂત યુવાન વિષ્ણુસિંહ ચાવડા જીઈબીના થર્મલ પાવર સ્ટેશનની રેલવેના ડ્રાઈવર હસુજી ચાવડા અને તેમની પત્નિ



ચેહરબેનના બે પુત્રો પૈકીના નાના પુત્ર છે. જોકે પિતાજી તથા મોટાભાઈની છત્રછાયા પણ ગુમાવી ચુકનાર વિષ્ણુસિંહને અભ્યાસમાં ઓછી રૂચિના કારણે માંડ માંડ ધોરણ-૧૨ પાસ તો કરી લીધુ પરંતુ સાથે સાથે આઈટીઆઈનો પેઈન્ટિંગનો ત્રણ વર્ષનો કોર્સ કરી પેઈન્ટિંગ કામને વ્યવસાય તરીકે અપનાવી લીધો છે. પોતાના પડોશમાં રહેતા એક વૃદ્ધ વડિલને વયઅશક્તિના કારણે લાયબ્રેરીમાંથી પુસ્તકો લાવી આપવા તથા પાછા આપી આવવાની સેવા આપતા બે સંતાનોના પિતા એવા વિષ્ણુસિંહને વાંચનમાં રસ જાગ્યો અને શરૂઆતમાં નવલકથાઓ અને પછી ઐતિહાસિક કથાઓ વાંચવાનું શરૂ કર્યુ. ઐતિહાસિક કથાઓ વાંચવામાં જે તે સ્થળના ઈતિહાસ અને તે સ્થળ અંગે તેમની જિજ્ઞાસા વધતા હકીકતમાં આજે તે સ્થળો મોજુદ છે કે નહી અને છે તો કેવી હાલતમાં છે તે જાણવાની લાલસા એટલી વધી ગઈ કે તેમણે આ પ્રકારના સ્થળો શોધવા પોતાનું સ્કૂટર લઈને રજાના દિવસનો ઉપયોગ કરવા માંડ્યો અને જેમ જેમ સ્થળો મળતા ગયા તેમ તેમ ફેસબુક પર તેના ફોટા અપલોડ કરી "હરતા ફરતા ગાંધીનગર"ના શિર્ષક તળે તેનો જાણવા મળેલો ઈતિહાસ શેર કરવાનું શરૂ કર્યુ



જેને ધીમે ધીમે એટલો પ્રતિસાદ સાંપડ્યો કે આજે તેમના અસંખ્ય ફોલોઅર્સ બની ચુક્યા છે.

વિષ્ણુસિંહ ચાવડાએ ચાર વર્ષ પહેલા શરૂ કરેલા વાંચન અને બે વર્ષથી શરૂ કરેલા ભ્રમણ દરમ્યાન અનેક નાના મોટા ઐતિહાસિક કિલ્લા, પૌરાણિક વાવ, મંદિરો, શુરવીરોના પાળિયા સહિતના સ્થળો શોધી કાઢ્યાં છે તેમજ તેના ઈતિહાસને ખંખોળી કાઢ્યો છે. આ કાર્યમાં તેમને અસંખ્યવાર જોખમી સાહસો કરવા પડ્યાં છે જેમ કે વાત્રક નદીના કાંઠે મહમંદ બેગડા સામે યુદ્ધ લડેલા "સામંતસિંહ બિહોલા"નો પાવઠીનો કિલ્લો જેને નજીકના ગ્રામજનો "ભૂતના ભોંયરા" તરીકે ઓળખે છે અને દીપડાં જેવા રાની પશુઓના ભયે ત્યાં સાથે આવવા પણ કોઈ તૈયાર થયુ નહોતુ તેવા પ્રવેશદ્વાર પણ ગુમાવી ચુકેલા ૧૦૦ ફૂટ ઊંચા કિલ્લામાં જંગલના માર્ગેથી ટેકરા પર ચઢીને અંદર કુદકો મારી અનાજ-પાણીના કોઠાર, દરબાર ખંડ વગેરે શોધી કાઢ્યાં હતા. કપડવંજમાં ૧૮ જેટલી વાવ જે આર્કિયોલોજીકલ સર્વેમાં પણ નોંધાયેલી નહોતી તે શોધવા સાથે આશરે ૨૦૦ જેટલી વિવિધ વાવોની મુલાકાત તેઓ લઈ ચુક્યાં છે જેમાંથી મોટાભાગની લુપ્ત હાલતમાં છે. વિજાપુર પાસેના આસોડા-દેવડા ગામે શિવપંચાયત મંદિરમાં સિદ્ધરાજ જયસિંહના હસ્તાક્ષરવાળા શિલાલેખ ઉપરાંત ત્યાં ઉભેલી અસંખ્ય મૂર્તિઓ પૈકી સિદ્ધરાજ જયસિંહની દુર્લભ મૂર્તિ પણ ઓળખી કાઢી છે. સાતમી, આઠમી અને નવમી સદીના મંદિરો શોધવા સાથે તેમણે ગાંધીનગરથી આશરે ૩૫ કિમી દૂર આખજ ગામે શક્તિકુંડમાં શેષશય્યા પર પોઢેલા વિષ્ણુ ભગવાનથી માંડીને બાળકને જન્મ આપી રહેલી માતાની દુર્લભ મૂર્તિઓ હોય કે હિંમતનગરથી આશરે ૧૨ કિમીના અંતરે ખેડરોડા ગામે સાત મંદિરોના સમૂહમાં વિશ્વમાં અજોડ કહેવાય તેવુ પશુ-પક્ષીનું મંદિર પણ શોધી કાઢ્યું છે. કડી પાસેના વેડજથી માંડીને મહેસાણા-સિદ્ધપુરના ઉત્તર ગુજરાતમાં શુરવીરોના અસંખ્ય પાળિયા તેમણે એટલા માટે શોધી કાઢ્યાં કે તેમને કોઈકે ફેસબુક પર ટોણો માર્યો હતો કે "તમારા ઉત્તર ગુજરાતમાં પાળિયા નથી." આ પાળિયાઓમાં દગાવાડા ગામે ગુજરાતનો એકમાત્ર ચાંદીનો પાળિયો હોય કે મોડાસા પાસેના અડપોદરાનો વીર બાવજીના પાળિયો હોય તમામની મુલાકાત લઈ ચુક્યાં છે. મોડાસાથી થોડે દૂરના અંતરિયાળ વિસ્તારમાં કલ્લેશ્વરી મંદિર સમૂહમાં શિવજીની નટરાજ મુદ્રામાં મૂર્તિને ગ્રામજનો કલ્લેશ્વરી માતા તરીકે પૂજે છે અને આ એક માત્ર સ્થળ છે જ્યાં ઝરણુ, નદી, કુવો, કુંડ અને વાવ જેવા જળસ્ત્રોતોનો સંગમ જોવા મળે છે. આશરે દોઢસોથી વધુ પૌરાણિક શિવમંદિરોની મુલાકાત લઈ ચુકેલા વિષ્ણુસિંહે આંતરસુબા પાસે ચાર કમાનવાળો ગુજરાતનો એક માત્ર કિલ્લો અજમાવત કોટ શોધ્યો જ્યાં હવે તો ગુજરાતી ગીતોના વિડીયો શુટિંગ પણ થવા લાગ્યા છે અને શામળાજી મંદિર પાસે જમીનથી પાંચેક ફૂટ અંદર એવુ ખંડેર હાલતમાં સૂર્ય મંદિર તથા માથે અસંખ્ય બાળકો સાથેના વિષ્ણુના વિશ્વ સ્વરૂપને "કરશીમાતા" તરીકે પૂજતા ગ્રામજનો વાળુ કાશી વિશ્વનાથનુ મંદિરનો ઈતિહાસ પણ તેમણે ઉજાગર કર્યો છે.

પ્રતિભાવો આવકાર્ય
- Samirtalod @yahoo.com